# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC
(CGPA 3.05)

***સંદર્ભ*** *:– સિન્ડિકેટ તા.૦૧–૧૦–'૧૫ ની સભાના ઠરાવ નં. ૪૫ અન્વયે.*

**પરિપત્ર :–**

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રી / સંચાલકશ્રીઓને જણાવવાનું કે, કોલેજો ઘ્વારા દર વર્ષે નવા / ચાલુ / વધારાના / કાયમી જોડાણ માટે અરજી ઓર્ડિનન્સ–૧૪૪ માં નિયત થયેલ તારીખ સુધીમાં નિયત થયેલ જોડાણ ફી સાથે અરજી કરવામાં આવતી હોય છે અને કોલેજની જોડાણ અરજી પરત્વે યુનિવર્સિટી ઘ્વારા જરૂરી કાર્યવાહી થયે જે તે વર્ષ માટેનું જોડાણ મંજૂર કરી તેની રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવે છે જે મુજબની પ્રક્રિયા હાલ કાર્યરત છે.

સંદર્ભમાં દર્શાવેલ સિન્ડિકેટ તા.૦૧–૧૦–'૧૫ ની સભાના ઠરાવ નં. ૪૫ માં થયેલ ઠરાવ મુજબ જો કોઈ કોલેજ ઘ્વારા દર વર્ષે જોડાણ અરજી કરવાને બદલે એકી સાથે વધારાના / ચાલુ જોડાણ માટે ત્રણ વર્ષ કે પાંચ વર્ષનું જોડાણ મેળવવા ઈચ્છે તો તે માટે એકી સાથે ત્રણ વર્ષ કે પાંચ વર્ષની ઓર્ડિનન્સ–૧૪૪ માં દર્શાવેલ જોડાણ ફી ભરી જોડાણ અરજી કરશે તો યુનિવર્સિટી ઘ્વારા જોડાણ અંગેની જરૂરી પ્રક્રિયા કરી કોલેજને ત્રણ વર્ષ કે પાંચ વર્ષના જોડાણ એક સાથે આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને તે મુજબ રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવશે, જે વિદિત થાય.

**કુલસચિવ**

નં. જોડાણ / ૨ / ૩૪૪૦ / '૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા.૦૯ / ૦૧ / '૧૬

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ
(સિન્ડિકેટ ઠરાવ ઘ્યાને લઈ કાર્યવાહી કરવાની જાણ અર્થે).....

**નકલ રવાના :–**

૧) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૨) કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિઘ્ધ કરવા અર્થે...